અપીલ અરજી નં.૭૯ તા.૨૪–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નિખીલભાઈ બાબુભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિખીલભાઈ બાબુભાઈ પટેલની તા.૨૨–૪–૦૯ ની અરજીથી મોજે કતારગામ રેવન્યુ સર્વે નં.૫૪૨/૧, નોંધ નં.૯૦૪,૯૦૫, સીટી સર્વે નં.૩૩૧ થી ૩૩૪ વાળી મિલ્કતના બાંધકામ બાબતે મુદ્દા નં.૧થી ૧૬ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૪–૬–'૦૯ ની અપીલ અરજી નં.૭૯/૨૦૦૯–૧૦

શ્રી નિખીલભાઈ બાબુભાઈ પટેલની તા.૨૨–૪–૦૯ ની અરજીથી મોજે કતારગામ રેવન્યુ સર્વે નં.૫૪૨/૧, નોંધ નં.૯૦૪,૯૦૫, સીટી સર્વે નં.૩૩૧ થી ૩૩૪ વાળી મિલ્કતના બાંધકામ બાબતે મુદ્દા નં.૧થી ૧૬ની માહિતી આપવા બાબતે માંગ્યા મુજબ માહિતી આપેલ નહીં હોવાનું તથા અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૮ તા.૧–૭–૦૯ થી ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)ને તથા અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પ્રત્યુત્તર ની નકલ રજૂ કરવા તેમજ ખોટી અને ઉડાઉ માહિતી આપ્યાના દાવા અંગે આધાર પુરાવા અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જેમાં માહિતીનો ઈન્કાર કે અરજદારને માહિતી પાઠવવામાં આવેલ છે તેવી કોઈ વિગતો પણ પૂરી પડાયેલ નથી. જયારે અરજદારે તા.૧૪–૭–૦૯ ના રોજ ફકત પત્ર પાઠવેલ છે. પરંતુ અરજદારે અપીલમાં કરેલ દાવા અંગે કોઈ આધાર રજૂ કરેલ નથી અપીલમાં જણાવેલ તા.૧–૬–૦૯ ના પત્રથી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ માહિતીની નકલ અપીલ તબકકે તક આપવા છતાં પણ અત્રેના વિભાગને પૂરી પાડેલ નથી.

અરજદારે તેની મૂળ અરજીથી ૧ થી ૧૬ મુદ્દા ધરાવતી માહિતી પૈકી એમની તા.૨૨–૪–૦૯ ની અરજી બાબતે કરેલ કાર્યવાહીની વિગતો, દફતરે કરેલ હોય તો તેના કારણો, દફતરે કરેલ હોય તો તેના હુકમની નકલ, વાંધા અરજી બાબતે લેવામાં આવેલ અભિપ્રાયની પ્રમાણિત નકલ, ફરીયાદ અરજી બાબતે કરેલ કાર્યવાહીની કારણો સહિતની વિગત અને કાર્યવાહી ન થયેલ હોય તો તેની પણ વિગત તથા તા.૨૫–૨–૦૯ ના રોજ મંજુર કરેલા પ્લાન અને રજાચિઠ્ઠી મુજબ થઈ રહેલ બાંધકામની ચકાસણી અંગેના રીપોર્ટની પ્રમાણિત નકલ, મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામ શા કારણે અટકાવવામાં આવેલ નથી? તે અંગેના રિપોર્ટની વિગતો વિગેરેની માહિતી માંગેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.૧૨૨૫ તા.૧–૬–૦૯ થી સમય મર્યાદા બહાર માહિતી આપ્યાનું અપીલ અરજીમાં અરજદારે જણાવેલ છે. પરંતુ અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ માહિતીની નકલ કે અપીલના વિવાદ બાબતે કોઈ બચાવનામું પણ રજૂ કરેલ નથી. અરજદારે પણ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પ્રત્યુત્તરની નકલ માંગવા છતાં રજૂ કરેલ ન હોય તેની યર્થાથતા નકકી થઈ શકતી નથી.

અરજદારની અપીલ અરજીમાંની વિગતો જોતાં તેમણે માંગેલ માહિતીઅ ને નકલો નહી મળ્યાની અપીલ અરજીમાંની રજૂઆત ગ્રાહય રાખવાને પાત્ર થાય.

આરટીઆઈ કાયદાની કલમ–૭(૧) સાથે ૭(૩) ની જોગવાઈઓ અનુસાર ત્રાહિત પક્ષકાર સિવાયના કિસ્સામાં દિન–૩૦ ની અવધિમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડવાનું આદેશાત્મક છે તથા કલમ–૨(એફ) ૨(આઈ) તથા ૨(જે) અનુક્રમે માહિતી દફતર અને માહિતી અધિકારની વ્યાખ્યા અનુસાર અરજદારને ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દસ્તાવેજો દફતર અને ફાઈલની તપાસણી કરવા સહિત પ્રમાણિત નકલો મેળવવાનો અધિકાર છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા કાયદાની કલમ–૭(૯), ૮ કે ૧૧ અન્વયે અપવાદ હેઠળ માહિતી પૂરી પાડવાના ઈન્કારની કોઈ વિગતો જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે દિન–૭ની અવધિમાં અરજદારને સબંધિત દફતરની તપાસણી પૂરી પાડી મૂળ અરજીના પરિપ્રેક્ષ્યમાં અરજદાર જણાવે એટલી દસ્તાવેજી નકલો પ્રમાણિત કરી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશનર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ – ૦૯

***ડે.કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નિખીલભાઈ બાબુભાઈ પટેલ,